**અમદાવાદ શહેરના મહે. 40 માં એડી.ચીફ જુડીશિયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, અમદાવાદ શહેર**

ક્રિ.કે.નં. 86771/2024
આંક–5

ફરીયાદીઃ– શ્રી સરકાર
વિરુધ્ધ
આરોપીઃ– રાહુલ બળંવતસિંહ જાદવ
રહે. ઓઢવ, અમદાવાદ

**ઠરાવ**

(૧) ફરીયાદપક્ષના કેસની તપાસના અંતે પોલીસ આરોપી સામે ઉપરોક્ત ગુન્હા અંગેનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં દાખલ કરેલ.

(૨) ત્યારબાદ આરોપીને સમન્સ બજતા આરોપી કોર્ટ રુબરુ હાજર થતાં તેને કેસ પેપર્સની નકલો આપી આંક–4 થી તહોમતનામું ફરમાવવામાં આવ્યું હતું. આરોપીની આંક– 5 થી પ્લી રેકર્ડ કરેલ ત્યારે આરોપીએ ગુનાનું ઈન્કાર કરેલ અને આજ રોજ આંક ૬ થી આરોપીએ હાજર થઈ સ્વૈચ્છિક રીતે અને કોઈપણ જાતના દબાણ કે ધાક ધમકી વગર ગુનાની કબુલાત કરેલ. તે આંક–૫ થી ગુન્હા કબુલાતની પુરસીસ આપીને પોતાને ઓછામાં ઓછી સજા અને દંડ કરવા માટે પુરતા કારણો હોવાનું જણાવેલ છે. આરોપી ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેમ જણવવા છતાં અને સમજાવવા છતાં પણ તેઓ સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરતા હોઈ ગુના કબુલાતની પુરસીસ રેકર્ડે લેવામાં આવેલ છે.

(૩) આરોપી સામે ધી બોમ્બે પ્રોહીબીશન એક્ટની કલમ–૬૬(૧)બી તથા મોટર વ્હીકલ એક્ટની કલમ ૧૮૫ મુજબના ગુનાનું તહોમત છે. તેમજ આરોપીની આંક–૫ ની કબુલાત પુરસીસ વંચાણે લેતાં તેમાં જણાવેલા કારણો ધ્યાને લેતાં આરોપી ગરીબ અને મધ્યમ વર્ગનો માણસ જણાય છે. તેમજ તે કુટુંબના એક માત્ર કમાનાર સભ્ય છે, તેના શીરે તેના કુટુંબના ભરણપોષણની જવાબદારી છે, તેઓનો આ પ્રથમ ગુનો હોવાનું જણાવતા હોય, આથી જો ઓછી સજા અને દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહે તેમ છે.

(૪) આ કામે સજાની જોગવાઈ ધ્યાને લેતા આ કામે મહત્તમ ૬ વર્ષની કૈદની સજા અને દંડની જોગવાઈ છે. આમ, આરોપીની સ્થિતિ, સંજોગો વિગેરે ધ્યાને લેતાં સદર ચુકાદો આરોપીને મદદરુપ થતો હોય, કાયદામાં ઠરાવેલ ન્યુનતમ સજા કરતા ઓછી સજા અને દંડ કરવા માટે વ્યાજબી કારણો જણાતા હોય, વિ.એ.પી.પી. શ્રી તથા આરોપીને સજા અંગે સાંભળ્યા બાદ નીચે મુજબ હુકમ કરું છું.

## આખરી હુકમ

આરોપી રાહુલ બળંવતસિંહ જાદવ, રહે. ઓઢવ, અમદાવાદ નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૧ અન્વયે ધી બોમ્બે પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧) બી તથા મોટર વ્હીકલ એકટની કલમ ૧૮૫ મુજબના શિક્ષાપાત્ર ગુના અંગે તકસીરવાન ઠરાવવામાં આવે છે અને આરોપીને પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)બી તથા મોટર વ્હીકલ એકટની કલમ ૧૮૫ ના ગુના માટે રુ. ૫૦૦૦/– દંડ અને દંડ ન ભરે તો દિન–૭ની વધુ સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજ તારીખ ૯મીં, માહે જુલાઈ સને–૨૦૨૪ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.
તા. ૦૯–૦૭–૨૦૨૪

(વિપિન કુમાર બંસલ)
૪૦માં એડી.ચીફ.જુડીશ્યિલ મેજીસ્ટ્રેટ
અમદાવાદ શહેર
જજ કોડ નં.જી.જે.૦૧૨૩૩